dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
October 2009 For private circulation only Vol. 01 - Issue 19

સવારના પહોરમાં સૂર્યનારાયણ પોતાનો ઉધ્ધાર કરે છે;
યોગારૂઢ થઈને આવે છે,
અને સંધ્યાને સમયે શાંત થાય છે.
સૂર્ય ખરેખર શાંત થાય છે ?
હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું ?

(વિનોબાએ પોતાની ગીતામાં ટાંકી રાખેલું ગાંધીજીનું વચન)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

બીજી ઓકટોબરને હવે સમગ્ર વિશ્વમાં 'અહિંસા દિન'ના રૂપે ઉજવવામાં આવે છે. હિન્દુસ્તાનમાં અનાદિકાળથી અવતરેલા મહાપુરુષોની કડીમાં પુરાતન પરંપરાનું ફળ અને નૂતન પરંપરાનું બીજ જેમના જીવનમાં એકત્ર થયેલું ગણાય તેવા નવા વિચારના યુગપ્રવર્તક સત્પુરુષ એટલે ગાંધી. ગાંધીજીનું ગુજરાતમાં જન્મ થવાની ઘટનાને પૂ. વિનોબા ભાવે અલગ દષ્ટિકોણથી જુએ છે. ''આ પ્રદેશમાં જે તપસ્યા થઈ, તેને પરિણામે ગાંધીજી ગુજરાતમાં પાકયા. આ કંઈ અકસ્માત નથી, કે ખાલી નસીબની બલિહારી નથી. એની પાછળ એક તત્વ છે. ગુજરાતના દહીંમાં જ એવું કંઈક છે, જેમાંથી આવું માખણ નીકળી શકે. ગુજરાતનો સૌથી વધુ તરી આવે તેવો ગુણ છે, ત્યાંની આમજનતાએ અપનાવેલી સાર્વત્રિક અહિંસા. આને લીધે જ ગાંધીજીનો જન્મ ગુજરાતમાં થયો, એમ હું માનું છું.''

સામાન્ય ધર્મપ્રચાર તો સંતો તથા ઋષિઓ હંમેશા કરતા હોય છે. પરંતુ જયારે જમાનાની જરૂરિયાત અને સંતોના ઉપદેશનો સંયોગ થાય ત્યારે ક્રાન્તિના મંડાણ થતા હોય છે. જમાનાની જરૂરિયાતને પારખી ધર્મ સાથે જોડી ધર્મ-વિચારનું આંતરિક બળ અને બહારની પરિસ્થિતિની જરૂરિયાતનું બળ જયારે કોઈ વ્યકિતથી જોડાય ત્યારે આવી વ્યકિત નવા વિચારના પ્રવર્તક તરીકે પ્રસ્થાપિત થાય છે. આ દેશની એ તાસીર રહી છે કે અસંખ્ય વર્ષો સુધી ગુલામીમાં રહેવા છતાં, આ દેશના લોકો વૈચારિક રીતે કયારેય દીન હીન નથી બન્યા. એક રીતે જોઈએ તો પરતંત્ર ભારતના આ સમયગાળામાં વિશ્વના સામુહિક વિચારોમાં આવી સ્વતંત્ર બુધ્ધિમતાને કારણે અલગ ઈતિહાસ ઊભો થયો છે.

ગુલામીના સમયગાળામાં જ રામકૃષ્ણ પરમહંસે ભિન્ન ભિન્ન ધર્મોના મૂળમાં એકત્વ છે, એકતા છે, અદ્વૈત છે તેવી સર્વધર્મ સમત્વની અનુભવાત્મક વિચારસરણી જગત સમક્ષ પ્રસરાવી. આવી જ બીજી ઘટના મહર્ષિ અરવિંદ દ્વારા માનવજાતિના ઉધ્ધાર માટે નાનકડા મનથી ઉપર ઉઠી પરમાત્મરસનું સેવન કરી અતિમનસ રૂપે નીચે ઊતરી આવવાની વાત પણ ગુલામીના કાળમાં જ ઘટી. આ ત્રીજો મહાન વિચાર પણ આજ કાળમાં ગાંધીએ સત્યાગહનો આપ્યો. સત્યાગ્રહ એટલે સત્ય માટે અહિંસાપૂર્વક આગ્રહ.

પૂ. વિનોબાજી ગાંધીજીને સ્મૃતિકારોની કોટિમાં મૂકે છે. મનુ અને યાજ્ઞવલ્કયની સાથે સરખામણી કરી શકાય તેવા સમાજશાસ્ત્રજ્ઞ તરીકે તેઓ ગાંધીજીની મૂલવણી કરતાં જણાવે છે કે : મનુ ચિંતનપ્રધાન હતા. જયારે ગાંધી સેવાપ્રધાન 'એકિટવિસ્ટ'- કર્મપ્રધાન હતા ગાંધીજીની સાહિત્યકાર તરીકે સરખામણી કરતાં એમની ખૂબી એ હતી કે તેઓ પોતાના ગ્રંથો કરતાં વધુ મોટા હતા. જીવનની દષ્ટિએ શેકસપિયર અને મિલ્ટન તેમના ગ્રંથો કરતાં નાના હતા. 'એકસ્પ્રેશન'- વિચાર પ્રગટ કરવામાં તેઓ કમજોર હતા અને તેથી જ તેમના ગ્રંથો કરતાંયે તેમના જીવનમાં અધિક પ્રતિભા હતી. કરુણા અને વાત્સલ્યથી પ્રેરિત થઈ સતત ઝઝુમતા મહામાનવમાં આપણને કરુણાવાન વત્સલ માતા સમાન મહાપુરુષનાં દર્શન થાય છે.

મુંબઈ યુનિવર્સિટી તરફથી યોજાતી સુપ્રતિષ્ઠિત શ્રી ઠકકર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં સપ્ટેમ્બર ૧૯૬૫માં કાકાસાહેબ કાલેલકરે 'ગુજરાતમાં ગાંધીયુગ - ઐતિહાસિક અને સાહિત્યિક અવલોકન' વિષય પર પાંચ વ્યાખ્યાનો આપ્યાં હતાં. બીજા વ્યાખ્યાનમાં 'ગાંધીયુગનો પ્રારંભ કેળવણી પરત્વે' વિષય પર બોલતાં કાકાસાહેબે ગાંધીજીના કેળવણીના વિચારોને રજૂ કર્યા હતા.

''રાષ્ટ્રીય કેળવણીકાર ગાંધીજીને મન, કેળવણી એ 'પઢાઈ' નહિં, પણ 'સધાઈ' હતી. કેળવણી એટલે. 'ચોપડીઓ

વાંચવી, જુદા જુદા વિષયોનું જ્ઞાન મેળવવું, પરીક્ષાના પ્રશ્નપત્રોના જવાબો આપવા અને નોકરી અપાવે એવી પદવી મેળવવી' એવો જે સામાન્ય અર્થ છે એ ગાંધીજીને માન્ય ન હતો. ગાંધીજીને મન કેળવણી એટલે, 'ઘરમાં કે ઘર બહાર જીવન જીવતાં અનુભવો મેળવવા, કૌશલ્ય કેળવવું, સંસ્કારો ખીલવવા અને સેવામય જીવન જીવવાની અને સેવા કરવાની યોગ્યતા સાધવી ! કેળવણીનો એ હતો ગાંધીજીનો અર્થ. કેળવણી એટલે કેવળ ભણતર નહીં, પણ જીવનનું ઘડતર અને તે માટેનો રીતસરનો સાધના-ક્રમ. આમ કેળવણી એટલે જીવનની સાધના હોઈ એને માટે હિંદી શબ્દ 'સધાઈ' મેં પસંદ કર્યો છે. આ શબ્દ વધારે પ્રચલિત થવાની જરૂર છે.''

ગાંધીજીનું કેળવણીનું સૂત્ર આ રીતે મૂકી શકાય : કેળવણી એટલે કેવળ 'પઢાઈ' નહિ, પણ મુખ્યત્વે ''સધાઈ''; એમાંયે ખાસ કરીને ચારિત્ર્યની ''સધાઈ''. 'સધાઈ' શબ્દમાં સાધના અને સાધનાને પરિણામે આવતું કૌશલ્ય બંને અર્થ આવી જાય છે.

વિજ્ઞાન, સત્તા, સંપત્તિ અને સ્વાર્થમાં વહેંચાઈ રહેલા વિશ્વને બચાવવા ગાંધીજીએ સર્વોદય વિચાર આપ્યો. ગ્રામ સ્વરાજના મૂળમાં અહિંસાને તેમણે પ્રસ્થાપિત કરી. ભારતે જો પોતાનો વિકાસ અ-શોષણની અને ન્યાયની દિશામાં કરવો હોય તો સ્વાવલંબી સમાજરચના બનાવવો પડશે. ગાંધી આ રીતે જોઈએ તો અહિંસા - તત્ત્વના પ્રતીક હતા. એમના મારફત અહિંસક સમાજરચનાની એક આછી રૂપરેખા માનવજાતને મળી છે.

તેરાપંથી જૈન સંપ્રદાયના આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ સમગ્ર ભારત વર્ષમાં અહિંસાનો સંદેશ પ્રસરાવવા માટે 'અહિંસા યાત્રા' કરી હતી. તેઓ પોતાના અનુભવોને આધારે જણાવે છે કે, ''અહિંસા - અહિંસા એમ રટણ કર્યા કરવાથી માત્ર વાણી સુધી, જીભના ટેરવા સુધી મર્યાદિત રહી જશે.'' હિંસાના ત્રણ કારણો છે : આવેશ, અજ્ઞાન અને રોટીનો અભાવ. આવેશની બે સ્થિતિઓ છે - મંદ અને તીવ્ર. તીવ્ર આવેશની સ્થિતિમાં કશુંક અઘટિત થાય છે. બુધ્ધિને તાળું વાગી જાય છે. ભલભલો સજ્જન માણસ પણ આવેશમય સ્થિતિમાં વિવેક - ભાન ભૂલી જાય છે. આથી ભાવાત્મક વિકાસ થાય તો જ સ્વને સંતુલિત કરવાની આવડત આવે જે થકી આવેશ પર બ્રેક લાગે. પ્રયોગો થકી ઈમોશનલ ઈન્ટેલિજંસીનો વિકાસ થઈ શકે છે. અજ્ઞાન થકી સંદેહ અને ભય પેદા થાય છે. ભય દૂર થવાથી હિંસા પર આપમેળે રોક લાગે છે. ભૂખ માણસને વિવેકભાન ભૂલાવે છે. અસ્તિત્વ ટકાવી રાખવાનો સંઘર્ષ માણસને વિપથગામી બનાવે છે. અભાવમાંથી હિંસા જન્મે છે અણુવ્રત, પ્રેક્ષાધ્યાન તથા જીવનવિજ્ઞાનના પ્રયોગોથી આચાર્યશ્રી સમાજ જીવનમાં સમરસતા પ્રસરાવી રહયા છે.

આચાર્યશ્રી અહિંસાને ઓળખવાની ચાવી બતાવતાં દર્શાવે છે કે, 'આંખોને બંધ કરી પોતાની અંદર થોડી વાર ઝાંખવાનો-જોવાનો પ્રયાસ કરો. અંદરથી જે ઝરણું ફૂટશે એનું નામ અહિંસા, એનું નામ મૈત્રી. બહારની મૈત્રી રાજનીતિની મૈત્રી હોય છે. એક ક્ષણમાં મિત્ર બને છે અને બીજી ક્ષણે તલવાર ખેંચાય છે. સંસ્કૃત સાહિત્યમાં એટલે જ કહેવાયું છે કે ''न हि कश्चिदमित्रं न कश्चिद रिपुः'' રાજનીતિનું સૂત્ર છે કે ન તો કોઈ કોઈનો સ્થાયી મિત્ર છે ન તો કોઈ કોઈનો સ્થાયી શત્રુ. પોતાનો સ્વાર્થ હોય તો શત્રુ મિત્ર થઈ જાય છે અને સ્વાર્થ પૂરો થતાં મિત્ર શત્રુ થઈ જાય છે. એને મૈત્રી ન કહી શકાય. એને અહિંસા પણ ન કહી શકાય. અહિંસા અંતરયાત્રાથી નીકળનારું તત્વ છે. એ ભીતરથી નિઃસ્પૃહ હોય છે. આચાર્યશ્રી જણાવે છે કે સહિષ્ણુતા એ અહિંસાનું પ્રવેશદ્વાર છે.

''સ્થાનાંગ સૂત્ર''માં ધર્મના ચાર દરવાજા જણાવ્યા છે- ખંતી, મુત્તી, અજ્જવે, મદદવે. ધર્મનો પહેલો દરવાજો છે શાંતિ, સહિષ્ણુતા કે સહનશીલતા. બીજો દરવાજો છે લોભ પર નિયંત્રણનો, ઈચ્છા નિયંત્રણનો. ત્રીજો દરવાજો છે આર્જવ, ઋજુતા. ચોથો દરવાજો છે મૃદુતા, કોમળ વ્યવહારનો, વિનમ્ર વ્યવહારનો. જે પણ અહિંસાના મહાલયમાં અંદર જવા ઈચ્છે છે એણે આ ચારેય દરવાજાથી જ પ્રવેશ મેળવવાનો છે, ક્રમશઃ આ ચારેય દરવાજા ઓળંગવાના છે. ત્યારે અંદર પ્રવેશ શકય બનશે.''

ગાંધીજીના સત્ય, અહિંસા, પ્રેમ, કરુણાના ગુણો કેળવવા માટે ટ્રસ્ટીશીપની ભાવના પ્રબળ બનવી જરૂરી છે. આચાર્ય મહાપ્રજ્ઞના અનેકાન્તવાદ, પ્રેક્ષાધ્યાન, અણુવ્રત તથા જીવનવિજ્ઞાનના પ્રયોગો થકી અહિંસાને વ્યાપક બનાવી સમત્વતા સિધ્ધ કરી શકાય.

પૂ. વિનોબાજી લખે છે કે, ''જયારે મહાપુરુષ પોતાના દેહમાં હોય છે, ત્યારે એમની શકિત સીમિત હોય છે; અને જયારે તેઓ દેહમુકત થાય છે, ત્યારે એમની શકિત અસીમ થઈ જાય છે. ગાંધીજીની દેહમુકિત પણ આપણામાં શકિત-સંચાર કરી રહી છે, જે વિચારો ગાંધીજીના હૃદયમાં રહેતા હતા. અને જેનો પ્રસાર દેહનાં બંધનને લીધે મર્યાદિત હતો, તે વિચારો હવે તમારા અને મારા હૃદયમાં પ્રવેશ પામે છે.....બાપુ આપણા માટે પિતાએ હતા અને ઋષિએ હતા. એમને આપણે રાષ્ટ્રપિતા કહીએ છીએ અને એમણે આપણને સત્યાગ્રહ-દર્શન અને સર્વોદય-ધર્મ શીખવ્યો એટલે તેઓ ગુરૂ અને ઋષિને સ્થાને પણ હતા. એમણે જે વિશ્વ વ્યાપક કાર્ય કર્યું તેને નિરંતર આગળ વધારી પિતૃ-તર્પણ કરીએ; અને એમની વિચારધારાનું ચિંતન-મનન કરતા રહીશું, તો તે ઋષિ-તર્પણ થશે.''

બાપુના જન્મદિન- 'વિશ્વ અહિંસા' દિને સૌ કોઈ આ પિતૃ-તર્પણ અને ઋષિ-તર્પણમાં સહયોગી થાય તેવી શુભેચ્છા.

વિશ્વ અહિંસા દિવસ — બી.એ. પ્રજાપતિ
૨ ઓકટોબર, ૨૦૦૯ — કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નવપ્રસ્થાન-૫

યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટસ સંકુલ બનાવવામાં આવશે. આ સંકુલમાં ક્રિકેટ સહિત વિવિધ રમતોની એક 'છગનભાઈ બાબાભાઈ પટેલ સ્પોર્ટસ એકેડેમી' પણ બનાવવામાં આવશે. યુનિવર્સિટી ખાતે સ્પોર્ટસ સંકુલ માટે સી.બી. પટેલ ટ્રોફી રમાડનાર અને ભરથાણા કોલેજના સંચાલક શ્રી રાજુભાઈ ગિજુભાઈ દ્વારા તેમના માતા-પિતાના નામ સાથે બે સંકુલ બાંધવા માટે તૈયારી દર્શાવતાં યુનિવર્સિટીએ સ્પોર્ટસ સંકુલ અને ઈન્ટિરિયર ડિઝાઈનિંગ બિલ્ડિંગના બાંધકામને મંજૂરી આપી હતી. આ સંકુલમાં વિશાળ ગ્રાઉન્ડ સહિતનું સ્ટેડિયમ, હોકી, ફૂટબોલ, વોલીબોલ જેવી વિવિધ રમતો માટે પણ સુવિધા સંપન્ન કરવામાં આવશે. તદ્‌પરાંત આઉટડોર ગેમ્સ માટે તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવશે. ખેલકૂદના શિક્ષણને પ્રોત્સાહન આપી ગુજરાતને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ નંબર વન બનાવવા પ્રયત્નો કરવામાં આવશે. ગુજરાતમાંથી રમત-ગમત ક્ષેત્રના પ્રતિભાસંપન્ન રમતવીરોને શોધી રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે મોકલવા માટે આ એકેડેમી મહત્વનું અંગ બની રહેશે. આ માટે દાતા પરિવાર સાથે એક એમ.ઓ.યુ. થશે. કુલપતિશ્રી દ્વારા આ પ્રોજેક્ટ માટે સિન્ડિકેટ સભ્ય શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી હોશંગ મીરઝા અને શ્રી સંજય દેસાઈની સમિતિ બનાવવામાં આવી હતી. આ મુદ્દે દાતા પરિવારના શ્રી રાજુભાઈ, શ્રી કમલેશભાઈ અને શ્રી પંકજભાઈ સિન્ડિકેટની બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતાં, અને તેમણે જણાવ્યું હતું કે, આઈ.પી.એલ. ક્રિકેટ મેચ રમાડી શકાય એવું ગ્રાઉન્ડ અને સ્પોર્ટસ સંકુલ તૈયાર કરવામાં આવશે. સિન્ડિકેટની સભામાં કુલપતિશ્રીએ તેમનું અભિવાદન કર્યુ હતું. યુનિવર્સિટી પરિસરમાં બનનાર સંકુલ બનાવવા માટેનો ખર્ચ અને સુપરવિઝનની તમામ જવાબદારી શ્રી કમલેશભાઈ પટેલ વહન કરી રહ્યા છે. આ અદ્યતન સ્પોર્ટસ સંકુલ ૧૦ થી ૧૫ એકર જમીનમાં તૈયાર થશે અને તે માટે યુનિવર્સિટી પરિસરની જમીન નક્કી કરાઈ છે.

## નવપ્રસ્થાન-૬

સ્પોર્ટસ એકેડેમી ઉપરાંત સી.બી. પટેલ ટ્રોફી રમાડનાર અને ભરથાણા કોલેજના સંચાલક શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી રાજુભાઈ દ્વારા 'ગીજુભાઈ છગનભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેકચર એન્ડ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ' માટે પણ દાન આપવામાં આવ્યું છે.

નવપ્રસ્થાન : ૫ અને ૬ માટેનો અંદાજીત ખર્ચ પાંચ કરોડ રૂપિયા થશે. નવપ્રસ્થાન-૫ અને ૬નો પ્રકલ્પ સાકાર થવાથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર દેશમાં માળખાકીય સવલતોમાં મોખરે રહેશે.

## નવપ્રસ્થાન-૭

યુનિવર્સિટી જ નહીં પણ સુરત જેનું ગૌરવ લઈ શકશે તેવું એક નવપ્રસ્થાન યુનિવર્સિટીમાં શરૂ થનાર છે. સમગ્ર ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીમાં ન હોય તેવું અત્યાધુનિક અને સૌથી મોટું ઓડિટોરિયમ યુનિવર્સિટી પરિસરમાં આકાર પામશે. અંદાજિત રૂપિયા પાંચ કરોડના ખર્ચે બંધાનાર ૧૨૫૦ પ્રેક્ષકોની બેઠક ક્ષમતાના આ ઓડિટોરિયમની ડિઝાઈન મંજૂર થઈ ચૂકી છે અને ટૂંક સમયમાં જ ખાતમૂહુર્ત કરાશે.

સંભવતઃ ગુજરાતની કોઈપણ યુનિવર્સિટીમાં આ પ્રકારનું ઓડિટોરિયમ નથી. આ ભવન સંપૂર્ણ વાતાનુકૂલિન હોવાની સાથે અલ્ટ્રામોડર્ન સાઉન્ડ અને વીડિયો સિસ્ટમથી સુસજ્જ હશે. ઓડિટોરિયમની સુંદરતા યુનિવર્સિટી રોડ ઉપરથી પસાર થનારને સહજ આકર્ષિત કરી લે તેવી હશે. પહેલી ઓકટોબરે મળેલી સિન્ડિકેટ સભામાં ઓડિટોરિયમની ડિઝાઈન મંજૂર થઈ હતી. અંદાજિત રૂપિયા પાંચ કરોડના ખર્ચે થનારા આ ઓડિટોરિયમ માટે રૂપિયા બે કરોડનું અનુદાન યુ.જી.સી. તરફથી પ્રાપ્ત થયેલ છે.

આ ઓડિટોરિયમ સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝની બાજુમાં જ યુનિવર્સિટી પરિસરમાં તૈયાર થશે. યુનિવર્સિટી પરિસરમાં ઓડિટોરિયમ હોવા છતાં પોતાની આગાવી ઓળખ જાળવી રાખશે. કુલ ૪૧,૦૬૦ સ્કવેર ફીટના બાંધકામ સાથે તૈયાર થનારા ઓડિટોરિયમમાં ૨૮૦૦ સ્કવેર ફીટનું વિશાળ સ્ટેજ હશે. દર્શકો માટે બે માળની ડિઝાઈન છે. નીચેના ભાગે ૮૦૦ તથા ઉપરના ભાગે ૪૫૦ જેટલા દર્શકો બેસી શકશે. ઓડિટોરિયમમાં અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણો, એરકન્ડિશનિંગ, ફાયર ફાઈટિંગ અને અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ હશે.

## નવપ્રસ્થાન-૮

યુનિવર્સિટી પરિસર સ્થિત ૨૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી બે બોયઝ હોસ્ટેલ છે, પરંતુ તેમાં ડાઈનિંગ હોલની સુવિધા ઉપલબ્ધ નથી. ટૂંક સમયમાં ૧૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી એક અદ્યતન હોસ્ટેલ રૂપિયા ૧.૮૦ કરોડના ખર્ચે બનાવાશે. જેમાં ૩૦૦ વિદ્યાર્થીઓ એકીસાથે બેસી ભોજન લઈ શકે તેવો સુવિધાયુકત અદ્યતન ડાઈનિંગ હોલ બનાવાશે. વિદ્યાર્થીઓની આ મુશ્કેલી કુલપતિશ્રી સમક્ષ પહોંચતાં આ નિર્ણય લેવામાં આવેલ છે.

તદ્‌પરાંત યુનિવર્સિટી ગેસ્ટહાઉસને પણ રૂા. ૫૦ લાખના ખર્ચે અદ્યતન સુવિધાસભર બનાવવામાં આવશે. યુનિવર્સિટીના સેનેટ હોલને પણ વાતાનુકૂલિન બનાવવામાં આવશે.

યુનિવર્સિટી વિકાસની દ્રષ્ટિએ હરણફાળ ભરી રહી છે જેનો શ્રેય સંવાદિતાથી કાર્યરત સૌ સત્તામંડળના સભ્યશ્રીઓ અને યુનિવર્સિટી પરિવારને ફાળે જાય છે.

## ભૂમિ પૂજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા જી.એચ. ભકતા મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટ, મહુવાના સંયુકત ઉપક્રમે જી.એચ. ભકતા મેનેજમેન્ટ એકેડેમી ભવનના ભૂમિપૂજનનો કાર્યક્રમ તા. ૨૮-૦૯-૨૦૦૯, વિજયા દશમીના શુભ દિવસે જી.એચ. ભકતા મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટના પ્રતિનિધિ શ્રી વિરલ પુરોહીતના વરદ હસ્તે યોજવામાં આવ્યો હતો.



જી.એચ. ભકતા મેનેજમેન્ટ એકેડમીનો કુલ બાંધકામ એરીયા ૪૩,૨૫૯ સ્કેવેર ફીટ છે. જેની કુલ કિંમત ૩,૪૩,૪૦,૬૬૧/- ઈન્ટીરીયર અને લેન્ડસ્કેપિંગ સાથે થનાર છે. સદર, મનેજમન્ટ એકેડમીમાં જી.એચ. ભકતા મેમોરીયલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રૂા. ૧,૫૦,૦૦,૦૦૦/-નું દાન આપવામાં આવ્યું છે. સદર, ભવનમાં ભોંયતળિયે વિભાગીય વડાની ઓફિસ, પાંચ કલાસ રૂમ, ફેકલ્ટી રૂમ, એડમિનિસ્ટ્રેટીવ ઓફિસ, ગેસ્ટ રૂમ તેમજ એકઝામિનેશન-સેમિનાર હોલ રહેશે. જયારે પ્રથમ માળે અન્ય પાંચ કલાસ રૂમ, એક સેમિનાર પરીક્ષા હોલ, વિશાળ લાઈબ્રેરી, કમિટી રૂમ, પ્લેસમેન્ટ ઓફિસ, કમ્પ્યૂટર લેબ, કોમન રૂમ, સ્ટોર રૂમ, રેપ્રોગ્રાફીક રૂમ, બિઝનેસ કાઉન્સેલીંગ સેલ છે.



ભૂમિપૂજનના દિવસે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ તથા કુલસચિવ શ્રી જે.આર. મહેતા તથા સિન્ડિકેટ સભ્યો, અધિકારીગણ, સ્ટાફ, મેનેજમેન્ટ ફેકલ્ટીના વડા ડૉ. રેણુકા ગર્ગ તેમજ તમામ પ્રાધ્યાપકો, સ્ટાફ અને સમાજના આગેવાનો હાજર રહયા હતા. મેનેજમેન્ટ એકેડેમી હાલની તેમજ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી સંપૂર્ણ સગવડ સાથે નિર્માણ પામશે અને આવનાર એકેડમીક વર્ષ જુન-૨૦૧૦ થી કાર્યરત થશે.



## સ્પર્ધા

એસ.આર.ટી. યુનિવર્સિટી નાંદેડ મુકામે આંતર યુનિવર્સિટી ટેબલ-ટેનિસ (ભાઈઓ/બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખપદે તથા બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



આ ટીમને કોચ શ્રી અંકુર જોષીએ કોચીંગ આપ્યું હતું, અને મેનેજર તરીકે શ્રી કે.એસ. ચૌહાણ સેવા આપી રહયા છે.

ટેબલ-ટેનિસ (ભાઈઓ/બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ : **(ભાઈઓની ટીમ)** ૧. શ્રી સોલંકી હાર્દિક એચ., ૨. શ્રી ભંડારી ભૂમીન ડી., ૩. શ્રી પટેલ પ્રતીક એસ., ૪. શ્રી દેસાઈ મંથન પી., ૫. શ્રી સુરતી મોંહમ્મદ એ. **(બહેનોની ટીમ)** ૧.કુ. ચેપયા ઝેના એમ., ૨. કુ. ખત્રી અંકિતા એસ. ૩. કુ. રાવ સુરતી એન. ૪. કુ. મહેતા આશિકા કે.

# કોલેજ ન્યૂઝ

## રમત-ગમત



૨ આંતર કોલેજ તરણ સ્પર્ધા તા. ૨૬-૮-, ૨૭-૮-૦૯ના રોજ એસ.એમ.સી. તરણ કુંડ જોગાણીનગર ખાતે યોજવામાં આવી જેમાં નવયુગ કોમર્સ કોલેજ ૬૫ પોઈન્ટ મેળવી ચેમ્પીયન બની હતી. આ સ્પર્ધાનું આયોજન ઉધના સીટીઝન કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. તરણ સ્પર્ધામાં ૧૨ કોલેજોએ ભાગ લીધો હતો અને ૩૦જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

નવયુગ કોમર્સ કોલેજના ભાવેશભાઈ રેતીવાલા ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બીજો નંબર, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ નંબર, ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં પ્રથમ, ૧૦૦ મીટર બટર ફલાયમાં બીજો નંબર, ૨૦૦ મીટર બટર ફલાયમાં પ્રથમ, ૧૦૦ મીટર બ્રેક સ્ટોકમાં પ્રથમ, ૨૦૦ મીટર બ્રેક સ્ટોકમાં બીજો નંબર, ૨૦૦ મીટર આઈ.એમ.માં પ્રથમ અને ૪૦૦ મીટર આઈ.એમ.માં પ્રથમ સ્થાન મેળવી કુલ ૪૫ પોઈન્ટ મેળવી વ્યકિતગત ચેમ્પીયન બન્યા હતા. આ ઉપરાંત જતીન ખલાસીએ ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ત્રીજો, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ત્રીજો, ૫૦ મીટર બ્રેક સ્ટોકમાં બીજો, ૨૦૦ મીટર બ્રેક સ્ટોકમાં બીજા નંબરે આવ્યા હતા. કૈયુર કંથારીયા ૧૫૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ત્રીજા, ૫૦ મીટર બટર ફલાયમાં ત્રીજા, ૧૦૦ મીટર બટર

ફલાયમાં ત્રીજા, ૨૦૦ મીટર બટર ફલાયમાં બીજા, ૧૦૦ મીટર બ્રેક સ્ટોકમાં બીજા, ૪૦૦ મીટર આઈ.એમ.માં બીજા નંબરે આવ્યા હતા. આમ કુલ ૬૫ પોઈન્ટ મેળવી નવયુગ કોમર્સ કોલેજ ચેમ્પીયન બની હતી. આ સ્પર્ધામાં ટીમ મેનેજર તરીકે પ્રા. અરવિંદભાઈ નાયકે સેવા આપી હતી. આચાર્ય જે.એમ. નાયક તથા સ્ટુડન્ટ યુનિયનના ચેરમેન ભરતભાઈ વશીએ ખેલાડીઓને અભિનંદન આપ્યા હતા. ભાવેશ રેતીવાલા, જતીન ખલાસીના કોચ તરીકે પ્રકાશ સારંગે મહેનત કરી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બાસ્કેટબોલ (ભાઈઓ)ની ટીમની પસંદગી ૧૨-૦૯-૨૦૦૯ના રોજ સી. પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, રાજપીપળા મુકામે રાખવામાં આવી હતી. જેમાં ઈવનિંગ કોર્મસ કોલેજ, સુરતના વિદ્યાર્થી ઘીવાલા રાજ હિતેન્દ્ર પસંદગી પામ્યા છે. અને યુનિવર્સિટી ટીમ પ્લેયર તરીકે જયપૂર (રાજસ્થાન) મુકામે પ્રતિનિધિત્વ કરશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા બીલીમોરાની વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતે આંતર કોલેજ જૂડો સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં નવસારીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચોવીસીમાંથી ૭ સ્પર્ધકોએ ભાગ લઈ અલગ-અલગ ગ્રૃપમાં વિજેતા થઈ યુનિવર્સિટીની જૂડો સ્પર્ધામાં ચેમ્પીયનશીપ મેળવી હતી.

પરિણામો : ૫૬ કિ.ગ્રા.માં રામજી યાદવ, દ્વિતીય. ૬૦ કિ.ગ્રા.માં યતીન પવાર, પ્રથમ. ૭૩ કિ.ગ્રા.માં કેતન સોનાર-દ્વિતીય. ૧૦૦ કિ.ગ્રા. (અંદર) કલસરિયા અમિત-દ્વિતીય, ૧૦૦ કિ.ગ્રા.થી ઉપરના વજન ગૃપમાં અમિત કલસરીયા-પ્રથમ. ૧૦૦ કિ.ગ્રા. પટેલ મિલન ડી., દ્વિતીય. વિજેતા રહયા હતા. યુનિવર્સિટી કક્ષાએ અમિત કલસરીયાની પસંદગી થઈ છે.

## આરોગ્ય

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના એન.એસ.એસ. યુનિટ, સુરત રકતદાન કેન્દ્ર તથા ચાંલ્લાગલી યુવક મંડળના સહકારથી તા. ૮-૦૯-૦૯ના રોજ એક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. યુ.ટી. દેસાઈના પ્રમુખપદે યોજાયેલ આ રકતદાન શિબિરની શરૂઆત પ્રા. અજીત એન. નાયક તથા કુ. મોના વરસોલીવાલાએ ગવાયેલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રમુખ સ્થાનેથી બોલતાં પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈએ વધુમાં વધુ રકતદાન કરવા માટે અપીલ કરી હતી. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ, ડૉ. ગુણવંતભાઈ દેસાઈ, શ્રી કમલ તમાકુવાલા અને સૌ પ્રોગ્રામ ઓફીસરોએ દિપપ્રાગટય કરીને રકતદાન શિબિરને ખુલ્લો મૂકયો હતો આ રકતદાન શિબિરમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસરો પ્રા. યુ.એન. પટેલ, પ્રા. ડૉ. પી.એમ. પટેલ, પ્રા. એમ.ટી. સોલંકી, પ્રા. બી.પી. પટેલ તથા પ્રા. અજીત એન. નાયક અને સ્ટાફના અન્ય સભ્યશ્રીઓ હાજર રહયા હતા. એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ શિબિર માટે જહેમત ઉઠાવી. શિબિરમાં ૧૦૨ બ્લડ યુનિટ (રકત બેગ) એકત્રિત કરવામાં આવ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે તા. ૧૧-૦૯-૨૦૦૯ના રોજ બી.એ., બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે દ્વિતીય રકતદાન કેમ્પ રકતદાન કેન્દ્ર અને લાયન્સ કલબ સુરત નોર્થ, ફેમિલી ફિઝીશ્યન એસોસીએશન, અમરોલી મેડીકલ એસોશિએશનના સહયોગથી રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ વિદ્યાર્થીઓને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, તથા કાર્યક્રમના આયોજનમાં મહત્વનું માર્ગદર્શન પુરુ પાડયું હતું. આ કેમ્પમાં કુલ ૫૩ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ શિબિર સુરત રકતદાન કેન્દ્રના ડૉ. દેસાઈ અને ટીમ તેમજ પ્રા. કે.એસ. સુતરીયા, પ્રા. બી.એન. પટેલ, પ્રા. જે.ડી. વાછાણી, પ્રા. એન.બી. બારિયા, પ્રા. વી.એમ. ચૌધરી તેમજ વહીવટી અને વિદ્યાર્થી પરિવારની ભારે જહેમતથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરતમાં રકતદાન શિબિર યોજાઈ ગઈ. જેમાં મુખ્ય અતિથિ તરીકે સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના ઉપાચાર્ય શ્રી ડી. આઈ. પટેલ હાજર રહયા હતા. આ શિબિરનું આયોજન ઈવનિંગ કોમર્સ કોલેજ અને સુરત રકતદાન કેન્દ્ર તથા ચાંલ્લા ગલી યુવક મંડળના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. કુલ ૪૧ બોટલ રકત એકત્ર કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્ય શ્રી બી.કે. શાહના માર્ગદર્શન હેઠળ અધ્યાપક મિત્રો, વહિવટી કર્મચારી અને એન.એસ.એસ.ના અધિકારી શ્રી નિમેષ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.



સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ, સુરત દ્વારા ગણેશપુરા પ્રાથમિક શાળા, અમરોલી તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, વરીયાવ ખાતે સ્વાઈન ફલુ માટે માર્ગદર્શન અને સ્વાઈન ફલુના પ્રીવેન્શન માટે હોમિયોપેથીક દવાના વિનામુલ્યે વિતરણ માટેના કેમ્પનું આયોજન તા. ૨૨-૮-૨૦૦૯ તથા ૨૮-૮-૨૦૦૯ના રોજ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કોલેજના ટ્રસ્ટી શ્રી સમીરભાઈ પચ્ચીગરે, આર.એમ.ઓ. કાંતિભાઈ પટેલ તથા ડૉ. આશાબેન સોનીએ હાજરી આપી હતી. આ કેમ્પમાં બંને શાળાના મળીને લગભગ ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ સારવારનો લાભ લીધો હતો.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ, વ્યારા દ્વારા તા. ૦૩-૦૯-૨૦૦૯ના રોજ "પતંજલિ યોગ શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ડૉ. જગદીશભાઈ પટેલ તથા ગુજરાત મહિલા પ્રભારી-શ્રીમતિ હેતલબેન દેસાઈએ વિદ્યાર્થીઓને યોગનું મહત્વ સમજાવ્યું હતું. તદ્પરાંત તા. ૧૧-૯- અને ૧૨-૯-૨૦૦૯ના રોજ સ્ત્રીરોગ, સર્વરોગ, હોમિયોપેથિક નિદાન તથા નેત્રયજ્ઞ શિબિર યોજાઈ ગયો. જેમાં ૪૨૭ દર્દીઓએ ભાગ લીધો. આ શિબિરમાં ડૉ. મુકેશ તુવાર, ડૉ. અરવિંદ શર્મા, ડૉ. જિતેન્દ્ર પટેલ, ડૉ. સ્નેહા, ડૉ. મનીષ જૈન તથા ડૉ. ભાવિન મોદીએ સેવાઓ આપી.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના એન. એસ. એસ. યુનિટ, સુરત. રકતદાન કેન્દ્ર તથા ચાંલ્લાગલી યુવક મંડળના સહકારથી તા. ૮-૯-૦૯ ના રોજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. પ્રમુખસ્થાનેથી બોલતાં પ્રિ. ડૉ. યુ. ટી. દેસાઈએ વધુમાં વધુ રકતદાન કરવા માટે અપીલ કરી હતી. પ્રિ. ડો. યુ. ટી. દેસાઈ, ડો. ગુણવંતભાઈ દેસાઈ, શ્રી કમલ તમાકુવાલા અને સૌ પ્રોગ્રામ ઓફિસરોએ દિપ પ્રાગટય કરીને શિબિરને ખુલ્લી મૂકી. પ્રા. યુ.એન. પટેલ, પ્રા. પી.એમ. પટેલ, પ્રા. એમ.ટી. સોલંકી, પ્રા. બી.પી. પટેલ તથા પ્રા. યુ. અજીત એન. નાયક અને સ્ટાફના અન્ય સભ્યશ્રીઓ હાજર રહયા હતા. એન. એસ. એસ. ના સ્વયંસેવકોએ ખૂબ જહેમત ઉઠાવી હતી. શિબિરમાં ૧૦૨ જેટલી બ્લડ યુનિટ એકત્રિત કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન



ડી.આર. પટેલ અને આર.બી. પટેલ કોમર્સ કોલેજ, ભરથાણા (વેસુ)માં એજયુકેશન ડીપાર્ટમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રીડર ડૉ. ઉમ્મેદસિંહનું ''આત્મવિકાસ'' વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં તેમણે વ્યાખ્યાનમાં SWOT વિશ્લેષણ દ્વારા કેવી રીતે વિદ્યાર્થીઓ આત્મ વિકાસ સાધી શકે તેની સરળ ભાષામાં રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓએ વ્યાખ્યાન દરમ્યાન પ્રશ્નોના ઉત્તર પણ મેળવ્યા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. અવનીન્દ્રા દીક્ષિતે વ્યાખ્યાન શરૂ થતા પહેલા ડૉ. ઉમ્મેદસિંહનું શબ્દ અને પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં તા. ૧૬-૦૯-૦૯ રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ વ્યાખ્યાનમાળા હેઠળ શહેરની વાડિયા વિમેન્સ કોલેજના પ્રા. અશોકભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને ભારતીય અંગ્રેજી, બ્રિટીશ અંગ્રેજી, અમેરીકન અંગ્રેજી અને વિશ્વના જુદા જુદા દેશોમાં બોલાતી અંગ્રેજી ભાષાઓની જુદી જુદી શૈલીથી વિદ્યાર્થીઓને પરીચીત કર્યા હતા. પ્રિ. યુ.ટી. દેસાઈએ વ્યાખ્યાતાનો પરિચય આપીને કોલેજ પરિવાર તરફથી પુષ્પગુચ્છ અને શુભેચ્છાભેટ અર્પણ કરી હતી. તદપરાંત તા. ૧૨-૯-૨૦૦૯ના રોજ Explore Design School ના શ્રી નયનભાઈ ભટ્ટે કોમર્સના પ્રથમ અને બીજા વર્ષના વિદ્યાર્થીઓ સમક્ષ મલ્ટીમીડિયા એજયુકેશન વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું.

એમિટિ બી. એડ્. કોલેજ, ભરૂચમાં તા. ૦૭-૦૯-૨૦૦૯ ના રોજ કોલેજના પૂર્વ પ્રાચાર્ય શ્રી ડૉ. ચંપકભાઈ શાહ અને પૂર્વ પ્રાધ્યાપક શ્રી ડૉ. હરરાજ દેસાઈનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. શિક્ષકત્વનાં ઉબરે આવીને ઊભેલા તાલીમાર્થીઓમાં ઉજજવળ ભાવિ નાગરિકો તૈયાર કરવા માટેની જવાબદારીના બીજ આ વ્યાખ્યાનથી રોપવામાં આવ્યા હતાં. ત્રાસને ત્રાસ ના બનાવતા વર્ગ ને સ્વર્ગ બનાવવાની ઉદાત્ત ભાવના તાલીમાર્થીઓના હૃદયમાં સીંચવામાં આવી હતી. તાલીમાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરી દરમ્યાન ડૉ. હરરાય દેસાઈએ ખૂબ હળવાશથી તાલીમાર્થીઓની જિજ્ઞાસા અને જ્ઞાનપિપાશાને તૃપ્ત કરી. ત્યારબાદ પ્રા. સુમિત્રાબેને બન્ને વકતાઓના વકતવ્યને એક કાવ્યનું સ્વરૂપ આપી કાવ્યપઠન દ્વારા આભારવિધિ સંપન્ન કરી.

## મંતવ્ય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં ૫-૯-૨૦૦૯ના રોજ યોજાયેલ શિક્ષક દિનની ઊજવણી અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી મંતવ્ય મંગાવવામાં આવેલ તે પૈકી શિક્ષક : વિદ્યાર્થીઓ સાથે મિત્રતાપૂર્ણ વ્યવહાર ધરાવતો હોવો જોઈએ, વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન પૂરું પાડતો હોવો જોઈએ, વિદ્યાર્થીઓના પ્રશ્નોને સમજીને એને ઉકેલવામાં રસ લેતો હોવો જોઈએ, વિદ્યાર્થીઓના જીવનલક્ષી શિક્ષણ આપતો હોવો જોઈએ, વર્ગખંડમાં વ્યવસ્થિત રીતે અધ્યાપન કાર્ય કરતો હોવો જોઈએ, યુવાન (ઓછી ઉંમરનો) હોવો જોઈએ, વિદ્યાર્થીઓને દિકરા-દિકરી ગણતો હોવો જોઈએ અને મા બાપ તરીકેની ભૂમિકા અદા કરતો હોવો જોઈએ, પૂરતી તૈયારી કરીને વર્ગખંડમાં આવતો હોવો જોઈએ, સમયસર વર્ગખંડમાં આવતો હોવો જોઈએ, ગમ્મત સાથે જ્ઞાન પૂરું પાડતો હોવો જોઈએ, વિદ્યાર્થીઓ સાથે હંમેશા પ્રેમપૂર્વક વર્તતો હોવો જોઈએ, નવી નવી પદ્ધતિઓથી શીખવતો હોવો જોઈએ, નવા નવા પ્રવાહોની જાણકારી આપતો હોવો જોઈએ, સાચું બોલતો હોવો જોઈએ, કલાસરૂમમાં મોબાઈલ ફોન પર વાત કરતો ન હોવો જેઈએ અને કોર્સ પૂરો કરતો હોવો જોઈએ.

## નિદર્શન

તા. ૦૪-૦૯-૨૦૦૯ના રોજ સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં 'સ્નેક શો'નું આયોજન કોલેજ અન નેચર કલબ સુરતના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું. આ પ્રસંગે નેચર કલબ સુરતના સભ્યો ધીરજ શેટ્ટી અને ચિરાગ તમાકુવાલા, યોગા ટીચર ડૉ. ચેતના પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા. નેચર કલબના સભ્યો દ્વારા ''સાપ'' વિશેની ઘણી માહિતીઓ આપવામાં આવી. વિદ્યાર્થીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## સાક્ષરતા રેલી

વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન, ઉમરાખે ભારત સરકાર અને રાજય સરકારના સાક્ષરતા અભિયાન ઝુંબેશ અંતર્ગત આચાર્યશ્રી આનંદભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ તા. ૦૮-૦૯-૦૯ના રોજ બારડોલી મુકામે સાક્ષરતા અભિયાન રેલીનું આયોજન કર્યું. જેમાં સાક્ષરતા અભિયાન રેલી, સુત્રોચ્ચાર સાથે બારડોલી શહેરમાં યોજાઈ ગઈ.

## ઓપવર્ગ

વીર નર્મદ શિક્ષા સંસ્થાન સંચાલિત સંસ્થાઓ (બી.એડ્., બી.સી.એ., બી.બી.એ.)ના અધ્યાપકો માટે તા. ૦૬-૦૯૦૯ના રોજ 'તસ્મૈ શ્રી ગુરવે નમઃ' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી હિમાંશુભાઈ ભટ્ટ અને ધરાબેન ભટ્ટે તજજ્ઞ તરીકે સેવા આપી હતી. કાર્યક્રમ અંતર્ગત અધ્યાપકોની કાર્યક્રમ સંબંધી અપેક્ષાઓ, પરિચય, કેવા શિક્ષકો યાદ રહે છે ?, આદર્શ શિક્ષકમાં જરૂરી ગુણોનું વિશ્લેષણ, શિક્ષક તરીકે શ્રેષ્ઠતા માટેની ભૂમિકા ભજવવા શિક્ષકમાં શું હોવું જોઈએ અને કંઈ બાબતો ન જ હોઈ શકે એનો ખ્યાલ આપ્યો હતો. સમાજમાં વિદ્યાર્થીઓ માટે રોલ મૉડેલ કેવી રીતે બની શકાય ? વ્યવહારમાં શિક્ષકોને ઉત્કૃષ્ટતાને પામવા કયા કયા અવરોધો નડે છે ? જેવી બાબતોનો વિશદ્ ખ્યાલ આપ્યો હતો. કાર્યક્રમની વિશેષતા એ હતી કે પ્રવૃત્તિના કેન્દ્રમાં અધ્યાપકો હતા. તેઓના અનુભવો, અવલોકનો અને ચિંતનને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન થયો હતો. કાર્યક્રમ થકી પોતાના શિક્ષણકાર્ય, વર્તન વ્યવહારમાં સુધારણા દ્વારા ગુણવત્તાયુકત શિક્ષણની દિશામાં આગળ વધવા સૌ અધ્યાપકો આશાવાદી બન્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સ્કોપ અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સંદર્ભે ઈ.ચા. આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે અતિથિશ્રી ડૉ. અશોકભાઈ વ્યાસનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કરીને પરિચય આપ્યો હતો. આ સેમિનારમાં ડૉ. અશોકભાઈ વ્યાસે સ્કોપનું મહત્ત્વ દર્શાવીને ભવિષ્યમાં શાળાકક્ષાએ ઉપયોગી બનશે તે અંગેનું માર્ગદર્શન તાલીમાર્થીઓને આપ્યું હતું. આ ઉપરાંત અંગ્રેજી કેવી રીતે સાંભળવી, શીખવું અને અભિવ્યકત કરવું તેની સમજ પણ સહજ શૈલીમાં આપી હતી. આ સેમિનારમાં કામરેજ કમલા બી.એડ્. કોલેજના ઈ.ચા. આચાર્ય શ્રી યજ્ઞેશભાઈ પુરોહિત પણ ઉપસ્થિત રહયા હતા.

તા. ૨૪-૮-૦૯ થી તા. ૨૯-૦૮-૦૯ દરમ્યાન સુરત જીલ્લા સહકારી સંઘ ધ્વારા વિદ્યાર્થીઓ માટે સહકારી શિક્ષણ તાલીમના ઓપવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના ઉદ્દઘાટનમાં પ્લાનીંગ ફોરમમાં અધ્યક્ષ પ્રા. સ્મૃતિબેન દેસાઈએ વિદ્યાર્થીઓને આ તાલીમની માહિતી આપી હતી. પ્રા. ડી. એમ. મહેતાએ ઉદ્દઘાટન કર્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ વિષયના નિષ્ણાંતોએ વકતવ્યો રજૂ કર્યા

હતા. સપ્તાહને અંતે વિદ્યાર્થિનીઓએ સુમુલ ડેરીની મુલાકાત ગોઠવી હતી. જયાં સુરત જીલ્લા સહકારી સંઘના મહિલા એજયુકેશન ઈન્સ્ટ્રકટર શ્રીમતી પાર્વતીબેન પટેલે વિવિધ વકતાઓના પ્રવચનો ગોઠવવાનું આયોજન કર્યું.

જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે તા. ૮-૯ અને ૧૦-૯-૨૦૦૯ દરમ્યાન 'ગ્લોબલ ઓવરસીઝ એજયુકેશન' વિષય ઉપર સેમિનાર યોજાયો. જેમાં ટી.વાય.બી.કોમ.નાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં ૩૦૦ વિદ્યાર્થીઓએ આ સેમીનારમાં ભાગ લીધો હતો. સદર સેમીનારમાં ઈન્ટેલ ઓવરસીઝ એજયુકેશન કન્સલ્ટન્સીના શ્રી અમીતભાઈ શાહે કી નોટ સ્પીકર તરીકે વિદ્યાર્થીઓને વીઝા, આંતરરાષ્ટ્રીય સ્તરે કેટલી યુનિવર્સિટી, કઈ રીતે પ્રવેશ મેળવવો, પ્રવેશ માટેની પરીક્ષા પધ્ધતિ વિગેરે માહિતીઓ આપી હતી. આચાર્ય ડૉ. કિશોરસિંહ ચાવડાએ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને માગદર્શન આપ્યું હતું.

સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની કેરીઅર ગાઈડન્સ કમિટિએ શહેરની IMPEL સંસ્થાના સેન્ટર મેનેજર શ્રી મોહન નંદુરીના સહકારથી અંગ્રેજી સુધારણા અંગેના ૧૦ દિવસના કાર્યશિબિરનું આયોજન ટી.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ વર્તમાન કોર્પોરેટ જગતની જરૂરીયાત અનુસાર સુસજ્જતા કેળવે તે દૃષ્ટિથી કોર્પોરેટ ટ્રેર્નસ ઓફ ઈન્ડિયાના શ્રી મનોજભાઈ દેસાઈના સહકારથી સાત દિવસની કોર્પોરેટ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈવનિંગ કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૧૧-૦૯-૨૦૦૯ના રોજ "પર્સનાલીટી ડેવલપમેન્ટ એન્ડ કોમ્યુનીકેશન સ્કીલ્ઝ" વિષય ઉપર P.T. Education Institute ના સહયોગથી સેમિનાર યોજાઈ ગયો, જેનો વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો.

## ઊજવણી

શ્રી માછી મહાજન એજયુકેશન સોસાયટી સંચાલિત કોલેજ ઓફ એજયુકેશન, નાનીદમણમાં ૧૪મી સપ્ટેમ્બરના દિવસે 'હિન્દી દિવસ' ઉજવવામાં આવ્યો. જેમાં તાલીમાર્થીઓએ હિન્દી લેખક-કવિ પરિચય, કબીરના દોહા અને હિન્દી ગીત તેમજ નૃત્ય રજૂ કર્યું. પ્રા. ડૉ. ગીતાબેન પટેલે હિન્દી ભાષા પ્રત્યે ભારતીય નાગરિક તરીકે આપણું શું કર્તવ્ય છે તે સમજાવી હિન્દી શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરી. પ્રિ. ડૉ. બાબુભાઈ ટંડેલે તાલીમાર્થીઓને આશીર્વચન આપી હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર માટે જનજાગૃતિના વિચારને વેગ આપવા જણાવ્યું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી કેતકીબહેને કર્યું હતું.

## એવોર્ડ



સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ સુપ્રસિધ્ધ સાહિત્યકારશ્રી ગુણવંત શાહના હસ્તે પોતાની ૩૫ સંસ્થાઓ પૈકી શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ યોજયો હતો. આ પૈકી સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજીના વાઈસ પ્રીન્સીપાલ તેમજ આર્કીટેકચરના પ્રિ. શ્રી પર્સી એન્જીનીયરને ૨૦૦૯ના વર્ષનો "સાર્વજનિક શિક્ષણ રત્ન" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. સોસાયટી સંચાલિત ૩૫ શાળા-કોલેજોના શિક્ષકો પૈકી ફકત ૬ શિક્ષકોને જ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પ્રકાશન

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ.), ભરથાણા, સુરતના પ્રા. રાજેશ આર. રાઠોડનું પુસ્તક 'સંશોધનમાં ચલ અને ઉત્કલ્પના' (પ્રકાશક : શ્રીમતી નિશા આર. રાઠોડ, સુરત, જુલાઈ, ૨૦૦૯) પૃ. ૭૬, કિંમત રૂા. ૧૦૦) પ્રસિધ્ધ થયેલ છે. અભિનંદન.

વાડિયા વિમેન્સ કોલેજ, સુરતના સંસ્કૃતના અધ્યાપિકા ડૉ. રીતા ત્રિવેદીનું 'આકાશ અફલાતૂન' પુસ્તક પ્રસિધ્ધ થયેલ છે. (પ્રકાશક : લેખિકા, સુરત. મે. ૨૦૦૯, પૃ. ૫૬, કિંમત રૂા. ૪૦). અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ લેખિકાના ૭ પુસ્તકો પ્રગટ થયેલ છે. અભિનંદન.

સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરતની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં કયા અભ્યાસક્રમ માટેની સવલત છે ત્યાંથી લઈ ઈન્ફ્રાસ્ટ્રકચર સવલતો તેમજ સંસ્થાઓની વિશિષ્ટતા અંગેની માહિતી આપતું એક બ્રોશર "Path of Education" પ્રગટ કરવામાં આવ્યું.આ પુસ્તિકાનું વિમોચન ડૉ. ગુણવંત શાહના વરદ હસ્તે કરવામાં આવ્યું. સંપાદન પ્રો. પર્સી એન્જીનીયર, પ્રો. નેહલ દેસાઈ અને પ્રો. વાહબોઝ એન્જીનીયર દ્વારા કરવામાં આવ્યું.



**ઋત્વિજ.** (અંક : ૪૬, વર્ષ ૨૦૦૮ - ૦૯) પટેલ રમણ બ્રધર્સ આર્ટસ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી. સંપાદક : પ્રા. વિક્રમ ચૌધરી.



વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતના ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. દિલીપભાઈ પટેલ અને ડૉ. પારૂલબેન નાયક કૃત "અધ્યેતા વિકાસ અને અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા" પુસ્તકનો વિમોચન કોલેજના ટ્રસ્ટી શ્રીમતિ નીમાબેન જોષીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં વિવેકાનંદ કોલેજના બી.સી.એ. તથા બી.બી.એ.ના ડાયરેકટર શ્રીમતિ સુમતિબેન શિનોય તથા બી.એડ્. કોલેજના અધ્યાપકો અને તાલીમાર્થીઓ હાજર રહયા હતા.

## વૃક્ષારોપણ

સૂર્યની વિનાશક ગરમીથી પૃથ્વીને બચાવવા, બાળકોમાં જાગૃતિ લાવવા ઓઝોન ડે ની ઉજવણીના ભાગરૂપે તા. ૧૯-૯-૨૦૦૯ના રોજ સી.ડી. પચ્ચીગર હોમિયોપેથીક કોલેજ, સુરતમાં સુરત લેડીસ સર્કલ-૭૨ સંલગ્ન ટવીન્કલર્સ કલબનાં બાળકોએ વૃક્ષારોપણ કર્યું હતું. જેમાં ડૉ. નીના બેંકરે પર્યાવરણના રક્ષણના ઉપાયો સમજાવ્યા હતા.

## પુસ્તક પ્રદર્શન

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથિક મેડિસિન એન્ડ હોસ્પિટલ, સુરતમાં તા. ૧૯-૯-૨૦૦૯ના રોજ તબીબ વિજ્ઞાનના વિવિધ વિષયો ઉપરના પુસ્તકોનું પ્રદર્શન બી. જૈન પબ્લિ., નવી દિલ્હી દ્વારા કરવામાં આવ્યું. જેનું ઉદ્‌ઘાટન સેક્રેટરી શ્રી સમીરભાઈના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું.

# વાચન વિશેષ

## રાષ્ટ્રપિતાના જન્મદિન પ્રસંગે શ્રધ્ધાંજલિ

જે પુરૂષ બીજા કોઈના કરતાં અધિક અંશે અર્વાચીન ઈતિહાસને તેજસ્વી બનાવ્યો છે, જે પુરૂષે, રોમેં રોલાંના શબ્દોમાં કહીએ તો, પોતાના ત્રીસ કરોડ દેશભાઈઓને જગાડયા છે, બ્રિટિશ સામ્રાજયને હચમચાવ્યું છે, જગતે ગયાં બે હજાર વરસમાં ન જોયેલી એવી અતિ પ્રચંડ હિલચાલ માનવી રાજકારણમાં પ્રવર્તાવી છે, તે પુરૂષને સમર્પણ થનારા અભિનંદન-ગ્રંથમાં ભલે થોડીક લીટીઓ પણ લખવાની તક મળે એ મહદ્ભાગ્ય છે. જે સમયે બીજા દેશોમાં નેતાઓ માનવી ન્યાય અથવા જગતમાં નીતિનિયમના અમલ જેવી કોઈ વસ્તુની હસ્તીને માનવા તૈયાર ન હતા, અથવા તો એક વર્ગ પર જુલમ કરીને બીજા વર્ગને ન્યાય કરવા મથતા હતા, તેવે વખતે ગાંધીજી એક એવા ધર્મયુદ્ધમાં રોકાયેલા હતા જે ધર્મયુદ્ધ હિંદને પરપ્રજાની તાબેદારીમાંથી છોડાવવા માટે હતું, હિંદના એક વર્ગને બીજા વર્ગોની જોહુકમીમાંથી છોડાવવા માટે હતું, માનવજાતિના ઐકયને કાજે અને ઈહલોકના નહીં એવા રાજયની સ્થાપનાને માટે હતું. એ બધા ઉપરાંત એક બીજી વસ્તુ છે જે ભવિષ્યની સદીઓમાં, એકલા હિંન્દુસ્તાનમાં જ નહીં પણ જગતભરમાં, અધિક મહત્વની ગણાવાનો સંભવ છે. તે એ કે જે અંતિમ અને પરમ ધ્યેય પ્રત્યે ધર્મમાત્રની કૂચ ચાલી રહી છે તે ઈશ્વરરૂપી ધ્યેયને વિષે, તથા એ ઈશ્વર મનુષ્ય આત્માને પૂર્ણત્વ પ્રાપ્ત કરવાની જે હાકલ કરે છે ને જેનો પડઘો એ આત્મામાં ઊઠે છે તેને વિષે, તત્ત્વજ્ઞાનના ગ્રંથોમાં જે કંઈ કહયું છે તે ગાંધીજીએ પોતાન જીવનમાં આચરી બતાવ્યું છે.

(ગાંધીજીને જગવંદના, સંપાદક : સર્વપલ્લી રાધાકૃષ્ણન. પૃ. ૧૯૫)

## વિજ્ઞપ્તિ

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજમાં યોજાતી સાંસ્કૃતિક, વિવિધ પ્રકારની સ્પર્ધાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા અન્ય પ્રવૃત્તિના અદ્યતન સમાચાર (શકય હોય તો ફોટા સહિત) 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલવા વિનંતી.

બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭.

આપશ્રી સમાચાર **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

## પુસ્તક પરિચય

**સૌંદર્યની નદી નર્મદા.** વેગડ, અમૃતલાલ, અમદાવાદ : આર. આર. શેઠની કંપની, જુન, ૨૦૦૯. પૃ. ૨૧૫. રૂા. ૧૩૫.

ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત અને સાહિત્ય અકાદમી દિલ્હી પુરસ્કૃત પુસ્તક 'સૌંદર્યની નદી નર્મદા'નું ત્રીજુ પુનર્મુદ્રણ છે. આ પુસ્તક હિન્દી અને અંગ્રેજી ભાષામાં અનુદિત થઈ ચુકયું છે. લેખક દેશના પહેલા ચિત્રકાર લેખક છે જેમણે નર્મદા મૈયાની પૂરી પરિક્રમા કરી છે. પ્રથમ આવૃતિ એપ્રિલ ૨૦૦૧ માં પ્રગટ થઈ હતી. આ પુસ્તક યાત્રા-વૃત્તાંત પણ છે. લેખકની ૮૦૦ કિ.મી. ની પદયાત્રાનું વર્ણન તથા નર્મદા મૈયાનું જીવન-વૃતાંત પણ છે. આ પુસ્તકમાં લલિત વર્ણનો અને માર્મિક અભિવ્યકિતઓ છે. જેમાં લેખકના સૌંદર્યપરક અને આધ્યાત્મિક મિજાજનો પરિચય વાચકને મળે છે. નારેશ્વર (ગુજરાત) થી ગ્લારીઘાટ, જબલપુર (મધ્ય પ્રદેશ) સુધીની નર્મદાના ઉત્તર કાંઠેની આ યાત્રાનું આલેખન આ પુસ્તકમાં છે. લેખકે દોરેલાં રેખા ચિત્રો પણ પુસ્તકમાં ઠેર ઠેર નજરે પડે છે. જીવન સંસ્કૃતિ, કલા તથા સંસ્કૃતિના અનેક સકારાત્મક મૂલ્યોનું દર્શન આ પુસ્તકમાંથી મળે છે. કુન્દનિકા કાપડીયા આ પુસ્તક વિષે લખે છે કે : હું તો ગુજરાતીઓને સૂચવીશ કે આ પુસ્તક જરૂર વાંચો. ઘેર બેઠાં નર્મદાની પરિક્રમાનો આનંદ મળશે. પાને પાને યાત્રાનું સુખ મળે છે. વેગડે પોતે પરિક્રમા કરી અને એને પુસ્તકમાં ઉતારીને બહુ મોટું કામ કર્યુ છે.

કુલ ૨૫ પ્રકરણમાં આ પુસ્તક વિભાજીત છે. ૨૫મા પ્રકરણમાં નર્મદા નદીની આત્મકથા, નર્મદા કાંઠાનાં મારાં રેખાંકનોનો સમાવેશ થાય છે. પુસ્તકના છેલ્લા વિભાગમાં સુપ્રસિધ્ધ સાહિત્યકાર શ્રી ભોળાભાઈ પટેલ કૃત સૌંદર્યની પરિક્રમા ઉપરનું અલગથી પ્રકરણ આપવામાં આવેલ છે.

લેખક કહે છે કે :

નર્મદા ! તું સુંદર છો, અત્યંત સુંદર
તારા સૌંદયનો થોડો શો પ્રસાદ મને આપ
જેથી હું એ બીજાને આપી શકું.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

---

ન બોલે તેને બોલાવજો, ન આવે તેને ઘેર જજો, રીસાય તેને રીઝવજો અને આ બધું તેમના ભલાને સારુ નહિ પણ તમારા ભલાને સારુ કરજો. જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ. -રાષ્ટ્રપિતા ગાંધીજી

**अप्प दीपो भव. अपने दीपक स्वयं बनो – भगवान बुध्ध**


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**

**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com